# ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ-સેગ)

(આદિજાતિ વિકાસ વિભાગ)

બ્લોક નં. 8/2, નવા સચિવાલય, ગાંધીનગર

ફોન નં. 079-232522257, વેબ: www.dsag.gujarat.gov.in

ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ-સેગ) આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની સ્વાયત સંસ્થા છે. ગુજરાત રાજયમાં વસતા આદિજાતિના લોકોના સામાજિક અને આર્થિક વિકાસ માટે લાઇવ્લીહુડ પ્રોજેક્ટસ ડિ-સેગ દ્વારા તૈયાર કરી અમલ કરવામાં આવે છે. ડિ-સેગની કામગીરીને પહોંચી વળવા માટે નીચે જણાવેલ જુદી જુદી જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહું જગ્યાઓ સરકારશ્રીની શરતો અને બોલીઓ અનુસાર કરાર આધારિત ભરવામાં આવશે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | પગાર | અરજીઓ કોણ કરી શકશે |
|---|---|---|---|---|
| ૧. | કન્સલ્ટન્ટ (એકાઉન્ટ) | ૧ | નિવૃતિ બાદ કરાર આધારિત મળતા સરકારશ્રીના પ્રવર્તમાન નિયમ મુજબ | વર્ગ-૨ના અધિકારી કે જેઓ રાજ્ય સરકારની ડીએટી હેઠળની કચેરીમાંથી નિવૃત થયેલ હોય તેવા અધિકારીશ્રી |
| ૨. | કન્સલ્ટન્ટ (વહીવટ) | ૧ | | વર્ગ-૨ના અધિકારી કે રાજ્ય સરકાર હેઠળની કચેરીમાંથી નિવૃત થયેલ હોય તેવા અધિકારીશ્રી |

1. નિયત નામુનામાં સંપૂર્ણ ભરેલ વિગતો સાથેની અરજીઓ મુખ્ય કારોબારી અધિકારીશ્રી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), આદિજાતિ વિકાસ વિભાગ, બ્લોક નં. ૮/૨ નવા સચિવાલય, ગાંધીનગર ખાતે આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-15 સુધીમાં સાંજના ૬ કલાક પહેલા રજૂ કરવાની રહેશે. નિયત નમુનામાં અરજી ફોર્મ ડિ-સેગની વેબસાઇટ: www.dsag.gujarat.gov.in પરથી મેળવી શકાશે.

2. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:આરઇએમ/102002/યુઓઆર/82/ગ-2, તા. 07/07/2016ના ઠરાવના બિડાણ- પરિશિષ્ટ-અ મુજબ નિયત નામુનામાં સંપૂર્ણ ભરેલ વિગતો સાથેની અરજીઓ મુખ્ય કારોબારી અધિકારીશ્રી ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડી-સેગ), આદિજાતિ વિકાસ વિભાગ, બ્લોક નં. ૮/૨ નવા સચિવાલય, ગાંધીનગર ખાતે રૂબરૂમાં અગર ટપાલથી આ જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિન-15 સુધીમાં સાંજના ૬ કલાક પહેલા રજૂ કરવાની રહેશે.

2. આ અંગેને શરતો અને બોલીઓ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક:આરઇએમ/102002/યુઓઆર/82/ગ2, તા. 07/07/2016ના ઠરાવ મુજબ રહેશે.

3. જાહેરાત હેઠળની ઉપરોક્ત જગ્યાઓ ભરવા કે કોઈપણ કારણસર ન ભરવાની આખરી સત્તા ડિસેગની રહેશે.

4. મળેલ અરજીઓની ચકાસણી કરવામાં આવશે. અને સરકારશ્રીની મંજૂરી મળ્યેથી જગ્યાઓ ભરવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

(સહી)
મુખ્ય કારોબારી અધિકારી
ડી-સેગ, ગાંધીનગર

## ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત (ડિ-સેગ), ગાંધીનગર

### (નિવૃત્તોની કરાર આધારિત જગ્યા ભરવા માટેનું ફોર્મ)

જે જગ્યા માટે અરજી કરવાની છે તે જગ્યાનું નામ ..............................................................

1. નામ:

..............................................................................................................................

..2. સરનામું:

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................

3. નિવૃત્ત અધિકારીનો નિવૃત્તિ સમયનો હોદ્દો/વર્ગ/પગાર ધોરણ:..........................................................................................................................

..............................................................................................................................

.....................................................................................................................

4. નિવૃત્ત અધિકારીએ નિવૃત્તિના છેલ્લા માસમાં મેળવેલ મૂળ પગાર, કુલ પગાર તથા પગારધોરણ (ઉ.પ.ધો.હોય તો તે દર્શાવવું):

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................

5. જન્મ તારીખ અને વય નિવૃત્તિની તારીખ:

5.1 જન્મ તારીખ : (તારીખ, માસ અને વર્ષ)...........................................................................

5.2 વય નિવૃત્તિની તારીખ: (તારીખ, માસ અને વર્ષ).........................................................

6. સરકારની છેલ્લી પ્રવર્તમાન શરતો મુજબના લાભો મેળવવા લેખિત તૈયારી છો? હા / ના (જો હા, તો તેની નકલ રજૂ કરવી)7. છેલ્લા દશ વર્ષના ખાનગી અહેવાલોનું મૂલ્યાંકન અલગ પત્રકમાં આ ફોર્મ સાથે રજૂ કરવું

8. અધિકારી કરાર આધારિત જગ્યાની ફરજો/જવાબદારી બજાવવાની શારીરિક/માનસિક ક્ષમતા ધરાવે છે? હા / ના (જરૂરી પ્રમાણપત્ર રજુ કરવું)

9. અન્ય કોઇ વિગતો વિભાગ રજૂ કરવા માંગે છે તો તેની વિગતો આ અરજી સાથે બિડાણમાં રજુ કરવી.

ઉપરોક્ત રજુ કરવામાં આવેલ માહિતી / વિગત સાચી અને બરોબર છે જેની હું ખાતરી આપું છું. જો વિગતો / માહિતી ખોટી હશે તો મારી સામે જે પગલા લેવામાં આવશે તે મને બંધનકર્તા છે.

તારીખ: અરજદાનું નામ અને સહી સ્થાળ :

ટેકનીકલ / નોનટેકનીકલ જગ્યાઓ પર સરકારી કર્મચારીઓ / અધિકારીઓને વયનિવૃત્તિ બાદ કરારના ધોરણે નિમણૂંક બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૭/૦૭/૨૦૧૬

વંચાણે લીધા :-

(૧) સા.વ.વિ.નો તા.૨૩/૧૨/૧૯૯૬ નો ઠરાવ ક્રમાંક:- આરઇએમ/૧૦૭૭/ગ-૨.

(૨) સા.વ.વિ.નો તા.૧૯/૧૧/૧૯૯૭ નો ઠરાવ ક્રમાંક:- આરઇએમ/૧૦૭૭/ગ-૨

(૩) સા.વ.વિ.નો તા.૨૧/૧૨/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક:- આરઇએમ/૧૦૭૭/ગ-૨

(૪) સા.વ.વિ.નો તા.૦૯/૦૫/૨૦૦૨ નો ઠરાવ ક્રમાંક:- આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨

(૫) સા.વ.વિ.નો તા.૨૧/૧૨/૨૦૦૫ નો ઠરાવ ક્રમાંક:- આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨

(૬) સા.વ.વિ.નો તા.૨૫/૦૫/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક:- આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨ (ભાગ-૧)

(૭) સા.વ.વિ.નો તા.૧૫/૦૩/૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક:- આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨ (ભાગ-૨)

<u>પ્રસ્તાવના:-</u>

સરકારના વય નિવૃત્ત કર્મચારીઓ / અધિકારીઓને નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવા અંગે સામાન્ય વહીવટ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના ઠરાવથી સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે ત્યારબાદ ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૨) થી (૭) સામેના ઠરાવોથી વખતો વખત તેમાં વહીવટી જરૂરિયાત મુજબના સુધારા કરવામાં આવેલ છે. શરૂઆતમાં તાંત્રિક કર્મચારીઓની અછત હોવાના કારણે જે તાંત્રિક અધિકારીઓ ઉત્તમ ગુણવત્તા ધરાવતા હોય અને સંબંધિત કામગીરી/જગ્યાનું વિશેષ જ્ઞાન ધરાવતા હોય તેઓને સામાન્ય સંજોગોમાં નિવૃત્ત થયા હોય તે જ જગ્યાએ કરાર આધારિત નિમણૂંક આપવાની જોગવાઈ કરવામાં આવેલ હતી. ત્યાર પછી ઉત્તમ ગુણવત્તા ધરાવતા અને સરકારને સતત ઉપયોગી થાય તેવા બિનતાંત્રીક કર્મચારીઓને પણ કરાર આધારિત નિમણૂંક આપવામાં આવે છે.હાલમાં અધિકારી/કર્મચારીઓની તીવ્ર ખેંચને કારણે ખૂબ મોટા પ્રમાણમાં નિવૃત્ત અધિકારીઓને કરાર આધારિત નિમણૂંક આપવા વિચારણા કરવાની થાય છે. આથી વય નિવૃત્ત થયેલ અધિકારી/કર્મચારીઓની કરાર આધારિત નિમણૂંક આપવાની હાલની નીતિમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## -:ઠરાવ:-

સરકારશ્રીની કાળજી પૂર્વકની વિચારણાને અંતે નિવૃત્ત સરકારી અધિકારી/ કર્મચારીઓને નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવા અંગેની ઉક્ત વંચાણે લીધેલ ક્રમ – (૧) થી (૭) સામેના ઠરાવોથી આપવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લઇ તથા તેમાં જરૂરી ફેરફાર કરી નીચે મુજબની સંકલિત સુચનાઓ બહાર પાડવામાં આવે છે.

(૧) સરકારી કર્મચારીઓ / અધિકારીઓના નિવૃત્ત થવાથી ખાલી પડતી સંબંધિત જગ્યા બદલી, બઢતીથી, સીધી ભરતીથી કે પ્રતિનિયુક્તિથી નજીકના ભવિષ્યમાં ભરી શકાય તેમ ન હોય તેમજ સંબંધિત ખાલી જગ્યાનો વધારાનો હવાલો અન્ય કોઈ અધિકારીને સોંપી સંબંધિત ખાલી જગ્યાની કામગીરી લઇ શકાય તેમ ન હોય તેવા સંજોગોમાં જ્યારે કોઈપણ નિવૃત્ત સરકારી અધિકારી/કર્મચારીને સચિવાલયના કોઈપણ વિભાગમાં, અથવા કોઈપણ ખાતાના વડાની કચેરીમાં, અથવા કોઈપણ તાબાની કચેરીમાં, અથવા રાજ્ય સરકારના કોઈપણ બોર્ડ/કોર્પોરેશન/કંપનીમાં, અથવા સરકારના કોઈપણ વિભાગ હેઠળ ઉભી કરવામાં આવેલ સોસાયટી કે તે પ્રકારની અન્ય કોઈ સંસ્થામાં, અથવા કોઈપણ ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થામાં, અથવા જે સરકારી સંસ્થાને ગુજરાત સરકારની સંપૂર્ણ અથવા અંશતઃ આર્થિક સહાય મળતી હોય તેવી સંસ્થામાં નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક (કન્સલ્ટન્ટ તરીકે, સલાહકાર તરીકે, કોઈ ચોક્કસ ખાલી જગ્યા પર કે અન્ય કોઈપણ રીતે) આપવાની હોય ત્યારે વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ના કર્મચારીઓ / અધિકારીઓની વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવા અંગેની દરખાસ્ત સંબંધિત વિભાગે અ.મુ.સ.શ્રી (ક.ગ.), સા.વ.વિ., અ.મુ.સ.શ્રી(નાણાં), મુખ્ય સચિવશ્રી, સંબંધિત માન.મંત્રીશ્રી મારફતે માન.મુખ્યમંત્રીશ્રીની પૂર્વ મંજૂરી માટે નીચેની જોગવાઇને આધીન રજુ કરવાની રહેશે તેમ ઠરાવવામાં આવે છે. વર્ગ-૪ ના કર્મચારીઓને કરાર આધારિત નિમણૂંક આપવાની રહેશે નહિ.

(૨) સામાન્ય સંજોગોમાં કર્મચારી / અધિકારીને જો તે નિવૃત્તિ સમયે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન એક જ જગ્યા ઉપર ફરજો બજાવેલ હોય તો તે જગ્યા સિવાયની તે જ પ્રકારની અન્ય જગ્યાએ કરાર આધારિત નિમણૂક આપવાની રહેશે. ઉદાહરણ તરીકે ઉપસચિવ (બજેટ), સા.વ.વિ.ને નિવૃત્તિ બાદ ઉપસચિવ(બજેટ) તરીકે સા.વ.વિ.માં નિમણૂંક નહીં આપતાં અન્ય ઉપ સચિવની ખાલી જગ્યાએ નિમણૂંક આપી શકાશે તથા અન્ય વિભાગમાં ઉપસચિવ(બજેટ) તરીકે નિમણૂંક આપી શકાશે. ક્ષેત્રિય કચેરીઓમાં પણ કામગીરીનો પ્રકાર બદલી શકાશે કે કચેરી બદલી નિમણૂક આપી શકાશે. પરંતુ અપવાદરૂપ સંજોગોમાં જે તે કર્મચારી / અધિકારીને વિશિષ્ટ પરિસ્થિતિ, કર્મચારીઓના વિશિષ્ટ જ્ઞાન, કૌશલ્ય અને આવડત અને જગ્યા પરની આવશ્યકતાઓને અનુલક્ષી

જે જગ્યા પરથી નિવૃત્ત થયેલ છે તે જગ્યા પર સરકારશ્રી નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક આપી શકશે.

(૩) નિવૃત્ત અધિકારીને જ્યારે વિભાગ કે ખાતાના વડાની કે અન્ય કચેરીમાં નિમણૂંક આપવામાં આવે ત્યારે **એપલેટ પ્રકારની કામગીરી ન સોંપાય તે પણ જોવાનું રહેશે**. અલબત્ત, રાજ્ય સરકારની કાયદા કે ઠરાવથી રચાયેલ ટ્રીબ્યુનલમાં નિવૃત્ત અધિકારીઓને નિમણૂંક આપવાની જોગવાઈ હોય તેમાં આવી નિમણૂંકો કરવામાં કોઈ હરકત રહેશે નહી.

(૪) કરાર આધારિત નિમણૂંક જે તે કર્મચારી કે અધિકારી ૬૨ વર્ષની વયે પહોચે ત્યાં સુધી આપી શકાશે.

(૫) સામાન્ય સંજોગોમાં કર્મચારી / અધિકારી જે વર્ગ/સંવર્ગમાંથી નિવૃત્ત થયેલ હોય તે જ વર્ગ/સંવર્ગમાં વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવાની રહેશે.

(૬) વયનિવૃત્ત થયેલ કર્મચારી/ અધિકારીને છેલ્લા બે વર્ષમાં ખાતાકીય તપાસના કારણોસર શિક્ષા થયેલ હશે તો તેવા કર્મચારી / અધિકારીને વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવાની રહેશે નહીં. તદઉપરાંત જે કર્મચારી / અધિકારી સામે નિવૃત્તિ સમયે ખાતાકીય તપાસ ચાલુ/પડતર/સૂચિત હશે તેઓને પણ વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપી શકાશે નહીં.

(૭) કર્મચારી/અધિકારીને નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવાની વિચારણા કરવા માટે તે કર્મચારી / અધિકારીનાં છેલ્લા ૧૦ વર્ષના ખાનગી અહેવાલો ધ્યાને લેવાના રહેશે અને તેમાં કોઈ વિરુધ્ધ નોંધ ન હોય તે જોવાનું રહેશે.

(૮) ભારત સરકાર કે રાજ્ય સરકારના કોઇ એક્ટ / રૂલ્સની જોગવાઇ અન્વયે નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક પામેલ અધિકારીઓ,સામાન્ય વહીવટ વિભાગના તારીખ-૨૪/૬/૨૦૦૪ના પરિપત્ર ક્રમાંક-એઆઇએસ/૧૦૮૮/૫૩૦૨/ગ અને ત્યારબાદની વખતો વખતની જોગવાઇ મુજબ નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક પામેલ ઑલ ઇન્ડિયા સર્વિસના અધિકારીઓ તેમજ નાણા વિભાગના તારીખ-૩/૧૨/૨૦૧૧ના ઠરાવ ક્રમાંક-પગર-૧૦૦૯/૬૬/પગાર એકમ(ચ) અને ત્યારબાદની વખતો વખતની જોગવાઇ મુજબ નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક પામેલ ન્યાયતંત્રના જિલ્લા અને નામદાર હાઇકોર્ટના ન્યાયાધીશોને તેઓને સંબંધિત નિયત થયેલ જોગવાઇ અનુસાર માસિક એકત્રિત વેતન ચુકવવાનુ રહેશે.

(૯) રાજ્ય સરકારના કર્મચારી / અધિકારીને સામાન્ય સંજોગોમાં શરતો અને બોલીઓના ક્રમાંક-(૧) માં દર્શાવ્યા મુજબનું માસિક એકત્રિત વેતન મળવાપાત્ર રહેશે. પરંતુ વિશિષ્ટ પરિસ્થિતિમાં કામગીરીનો પ્રકાર, કર્મચારીઓના વિશિષ્ટ જ્ઞાન અને આવડત, જગ્યાનો પ્રકાર જેવી બાબતોને ધ્યાને લઇને રાજ્ય સરકાર તેઓના માસિક એકત્રિત વેતનમાં ફેરફાર કરી શકશે

(૧૦) કોઇપણ સંજોગોમાં જે તે સંવર્ગની મંજુર થયેલ જગ્યાના ૨૦ ટકા થી વધુ જગ્યાઓ પર વયનિવૃત્તિ બાદની કરાર આધારિત નિમણૂકો આપી શકાશે નહિં.

## વય નિવૃત્તિ બાદ આપવામાં આવતી કરાર આધારિત નિમણૂંકના હુકમમાં નીચેની બોલીઓ અને શરતો દર્શાવવાની રહેશે.

(૧) વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક પામતા કર્મચારી/અધિકારીને તેઓના નિવૃત્તિ સમયના પે.બેન્ડ+ગ્રેડ.પે ના ૬૦% માસિક એકત્રિત વેતન તેમજ પેન્શન ઉપર T.I. મળવાપાત્ર થશે. [Total remunaration=Fix Pay (@60% of Band Pay plus Grade Pay) + Pension(Including TI)]."

બોર્ડ કોર્પોરેશનના નિવૃત અધિકારી/કર્મચારીને રાજ્ય સરકાર હેઠળની જગ્યાઓ ઉપર સામાન્ય રીતે કરાર આધારિત નિમણૂંક આપવાની રહેશે નહીં પરંતુ જો અનિવાર્ય કારણસર જરૂરિયાતને ધ્યાને લઇને બોર્ડ કોર્પોરેશનના અધિકારી/ કર્મચારીને નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક આપવાનો નિર્ણય કરવામાં આવે તો તેવા અધિકારી/કર્મચારીને તેઓની નિવૃત્તિ સમયના સંબંધિત પગારપંચમાં મળતા પગારના આધારે પ્રવર્તમાન પગારપંચમાં મળવાપાત્ર કાલ્પનિક પે-બેન્ડ અને ગ્રેડ-પે ની ગણતરી કરી એકત્રિત વેતન નિયત કરવાનું રહેશે.

(૨) એકત્રિત વેતન ઉપર કોઇપણ જાતના બીજા ભથ્થાં મળવાપાત્ર થશે નહીં.

(૩) કરાર આધારિત નિયુકિતના સમયગાળા દરમિયાન તેમને તેમના ફીકસ એકત્રિત વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો, ઈજાફો, મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત કે પગાર પંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહીં.

(૪) કરાર આધારિત નિમણૂંક દરમ્યાનની તેમની સેવા બદલ કોઇ વધારાનું પેન્શન, બોનસ, એલ.ટી.સી., રજાનું રોકડમાં રૂપાંતર, પેશગી કે અન્ય કોઇ નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

(૫) કરાર આધારિત નિયુકિતના સમયગાળા દરમ્યાન આકસ્મિક અવસાન પ્રસંગે તેમણે બજાવેલ ફરજના સમયગાળાના ફીકસ વેતનની લેણી રકમ તેમના કુટુંબીજનોને મળવાપાત્ર થશે અન્ય બીજા કોઇ નાણાંકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

(૬) કરાર આધારિત નિમણુંક પ્રથમ તબક્કે છ થી બાર માસ માટે રહેશે. તેમજ તેઓની કરારની મુદત સંબંધિત કર્મચારી / અધિકારી ૬૨ વર્ષ પૂર્ણ કરે ત્યાં સુધી સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવીને લંબાવી શકાશે અને વયનિવૃત્તિ બાદ આપવામાં આવેલ કરાર આધારિત નિમણૂંક નીચેના પૈકી જે વહેલુ હોય ત્યાં સુધી ચાલુ રહેશે ત્યારબાદ તેનો આપોઆપ અંત આવશે.

(i) સંબંધિત જગ્યા પર નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય અથવા

(ii) કરાર આધારિત નિમણૂંકના હુકમ અન્વયે હાજર થયા તારીખથી જેટલા સમયગાળા માટે મંજૂરી

મળેલ હોય ત્યાં સુધી અથવા

(iii) કરાર આધારિત નિમણૂક આપ્યા પછી સરકાર ગમે તે સમયે કોઇ પણ કારણ આપ્યા વિના સંબંધિત કર્મચારી / અધિકારીની કરાર આધારિત સેવાનો અંત લાવી શકશે.

(૭) સંબંધિત કર્મચારી/અધિકારી એક (૧) માસની નોટીસ આપીને અથવા એક માસનો નોટીસ પે ભરીને કરાર આધારિત નિમણૂકનો અંત લાવી શકશે.

(૮) વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂંક પામેલ કર્મચારી/અધિકારીને ગુજરાત રાજ્ય સેવા (વર્તણૂક ) નિયમો ૧૯૭૧ લાગું પડશે.

(૯) કરાર આધારિત નિમણૂક દરમિયાન અધિકારી/કર્મચારી પક્ષે વર્તણૂક નિયમનો ભંગ થયેલો જણાશે તો તેઓના કિસ્સામાં ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમો ૨૦૦૨ ના નિયમ ૨૪ મુજબ પેન્શન કાપની શિક્ષા કરી શકાશે. આવી પેન્શન કાપની શિક્ષા કરતા પહેલા સંબંધિત અધિકારી-કર્મચારીને ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો-૧૯૭૧ ની જોગવાઇઓ મુજબ બચાવની તક આપવામાં આવશે.

(૧૦) કરાર આધારિત નિયુકિત દરમ્યાન સંબંધિત જગ્યાની કામગીરી માટે જે ફરજો બજાવવાની થતી હોય તેવી તમામ ફરજો તેમણે બજાવવાની રહેશે. તે માટે કચેરીના ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય કે જરૂરીયાત હોય તે સમય પ્રમાણે તેમણે કચેરીમાં હાજરી આપવાની રહેશે.

(૧૧) કરાર આધારિત નિયુકિત દરમ્યાન તેમને પ્રતિ માસ એક પરચૂરણ રજા મળવાપાત્ર રહેશે. પરંતુ અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહીં.

(૧૨) વય નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક મેળવનાર કર્મચારી / અધિકારીએ કાર્યમથક પર રહેણાંક રાખવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત સત્તાધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહીં.

(૧૩) સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારના પ્રવર્તમાન ધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

(૧૪) સંબંધિત કર્મચારી / અધિકારીને કરાર આધારિત નિમણૂંક તેઓ ૬૨ વર્ષની વયે પૂર્ણ કરે ત્યાં સુધી સરકારશ્રીની પૂર્વ મંજૂરી મેળવીને લંબાવી શકાશે.

કર્મચારી / અધિકારીને કરાર આધારિત નિમણૂક આપવા અંગે વિભાગોએ આ સાથે સામેલ પરિશિષ્ટ-અ મુજબના નમુનામાં જ દરખાસ્ત કરવાની રહેશે.

ઉપર્યુક્ત સૂચનાઓ સચિવાલયના વહીવટી વિભાગોને તેમના નિયંત્રણ હેઠળના ખાતા/કચેરીના વડાના ધ્યાને મૂકવા આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.એમ.અધ્વર્યુ)
અધિક સચિવ(કગ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત ભવન, ગાંધીનગર
માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
માન. મંત્રીશ્રી/રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર

સચિવાલયના સર્વે વિભાગો(તેમના હેઠળના ખાતા અને કચેરીના વડાઓ/ રાજ્ય સરકારના જાહેર સાહસો, યુનિવર્સિટી/બોર્ડ/નિગમ/કૉર્પોરેશન/કંપની/સોસાયટી/ગ્રાન્ટ- ઇન-એઇડ સંસ્થાઓ વિગેરેને પરિપત્રિત કરવાની વિનંતિ સહ)
એકાઉન્ટન્ટ જનરલશ્રી-૧ (ઑડિટ), ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલશ્રી-૨ (એ.એન્ડ ઇ.), ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ/સર્વે શાખાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ/ગાંધીનગર
સિસ્ટમ મેનેજર, સામાન્ય વહીવટ વિભાગ. વેબસાઇટ ઉપર મુકવા સારૂ.
<u>સિલેકટ ફાઇલ.</u>
પત્ર દ્વારા.

## પરિશિષ્ટ-અ

સામાન્ય વહીવટ વિભાગના તા /૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/ગ-૨

નું બિડાણ

(વયનિવૃત્ત અધિકારી/કર્મચારીને કરાર આધારિત નિમણૂક આપવા બાબત)

વિભાગ/કચેરી/શાખાનું નામ:..........................................................................................

આ વિભાગ હેઠળની ..........................................જગ્યાએથી નિવૃત્ત અધિકારીને વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક આપવા માટે નીચે પ્રમાણેની દરખાસ્ત રજૂ કરવામાં આવે છે.

(૧) નિવૃત્ત અધિકારીને કરાર આધારિત નિમણૂક આપવાની હોય તેનું નામ/સરનામું :...............................................................

(૨) નિવૃત્ત અધિકારીનો નિવૃત્તિ સમયનો હોદ્દો/વર્ગ/પગારધોરણ:.......................... તથા હાલની જગ્યા પર ક્યારથી છે ?

(૩) નિવૃત્ત અધિકારીએ નિવૃત્તિના છેલ્લા માસમાં મેળવેલ મૂળ પગાર, પે-બેન્ડ, કુલ પગાર તથા પગારધોરણ (ઉ.પ.ધો. હોય તો તે દર્શાવવું):..................

(૪) જન્મતારીખ અને વય નિવૃત્તિની તારીખ જ.તા.................................
નિ.તા.................................

(૫) નિવૃત્ત અધિકારીનું મૂળ પેન્શન:..................................................

(૬) જે જગ્યા પર કરાર આધારિત નિમણૂક આપવાની છે તે જગ્યાનું નામ/વર્ગ/પગારધોરણ/સરનામું:..................................................

(૭) કરાર આધારિત નિમણૂકનો સમય ગાળો :- ...............................

(૮) સરકારશ્રીની પ્રવર્તમાન જોગવાઇ મુજબના લાભો મેળવવા કર્મચારી/અધિકારીએ પૃ........../પ.વિ પર લેખિતમાં સંમતિ દર્શાવેલ છે.

(૯) ભરતી નિયમો મુજબ જગ્યા ભરવાને બદલે કરાર આધારિત નિમણૂકથી જગ્યા ભરવાના કારણો નીચે મુજબ છે.:(અ) --------------

(૧૦) જે જગ્યા પર સંબંધિત કર્મચારી / અધિકારીને નિમણૂક આપવાની છે તે સંવર્ગની ખાલી જગ્યાની વિગતો:-

| મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| | | |

(૧૧) ભરતી નિયમોનુસાર સીધી ભરતી/બઢતી ને ફાળે આવતી જગ્યાની વિગતો:-

| મંજૂર થયેલ જગ્યા | સીધી ભરતીના ફાળાની જગ્યા | બઢતીના ફાળાની જગ્યા |
|---|---|---|
| | | |

(૧૨) જે જગ્યા પર અધિકારીને નિમણૂંક આપવાની છે તે જગ્યામાં એપલેટ કામગીરી કે ઉપાડ અને વહેંચણી અધિકારીની સત્તાઓ પ્રાપ્ત થાય છે કે કેમ ?

(૧૩) અધિકારીને અન્ય સમાન પ્રકારની જગ્યા પર નિમણૂંક આપી શકાય તેમ છે કે કેમ ?

(૧૪) નિવૃત્ત અધિકારીની સેવા દરમિયાનની કામગીરી કેવી હતી તે સંબંધે છેલ્લા દસ વર્ષના

ખાનગી અહેવાલોનું મૂલ્યાંકન પત્રક પૃ........../પ.વિ પર રજુ કરેલ છે. જેમાં..........
વર્ષમાં વિરૂધ્ધ નોંધ છે./ નથી

(૧૫) નિવૃત્ત કર્મચારી /અધિકારી સામે નિવૃત્તિ સમયે કોઈ ખાતાકીય તપાસ ચાલુ, પડતર કે સૂચિત નથી તે અંગેની વિગતો પૃ........../પ.વિ મુજબ છે.

(અ) શ્રી-----------ના નિવૃત્ત થયા તારીખ પહેલાં છેલ્લા બે વર્ષમાં ખાતાકીય તપાસના કારણોસર થયેલ શિક્ષાની સંપૂર્ણ વિગતો. પૃ........../પ.વિ પર રજુ કરેલ છે

(૧૬) કર્મચારી /અધિકારી કરાર આધારિત જગ્યાની ફરજો/જવાબદારી બજાવવાની શારીરિક/માનસિક ક્ષમતા ધરાવે છે તેની વિગતો આપવી.

(૧૭) કર્મચારી / અધિકારીને ------- વિભાગ / કચેરીમાં -------- સંવર્ગની કરાર આધારિત નિમણૂંક આપવા પાત્ર જગ્યા પર કરાર આધારિત નિમણૂંક પામેલ કર્મચારી / અધિકારીની સંખ્યા કુલ મંજુર થયેલ જગ્યાના ૨૦ ટકાથી વધતી નથી.

(૧૮) વિભાગ દ્વારા રજુ કરવાની થતી અન્ય વિશેષ વિગતો.